NCS Code: 3115.1400, CCode: GV014

# લોકો પાઈલટ

લોકો પાઈલટ એક સક્ષમ રેલવે કર્મચારી છે
જે ટ્રેન ચલાવવા માટે જવાબદાર છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમને બહાર કામ કરવાનું ગમે છે
- તમે નેતૃત્વ કૌશલ્ય ધરાવો છો
- સ્પષ્ટ સૂચનાઓને અનુસરવું તમને પસંદ છે

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. - થી -*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વાણિજ્ય અથવા વિજ્ઞાન પ્રવાહ (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન)માં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. આર્મેચર અને કોઈલ વાઈન્ડર / ઈલેક્ટ્રીશ્યન / ઈલેક્ટ્રોનિક્સ મિકેનિક / ફિટર / હીટ એન્જિન / ઈન્સ્ટ્રૂમેન્ટ મિકેનિક / મશીનિસ્ટ / મેકેનિક ડીઝલ / મેકેનિક મોટર વ્હીકલ/મિલરાઈટ મેઈન્ટેનન્સ મિકેનિક / મિકેનિક રેડિયો અને ટીવી / રેફ્રિજેશન અને એર કન્ડિશનિંગ મિકેનિક / ટ્રેક્ટર મિકેનિક / ટર્નર / વાયરમેન પૈકી કોઈ પણ વિષયમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.)ની તાલીમ મેળવો. **અથવા**

આર્મેચર અને કોઈલ વાઈન્ડર/ઈલેક્ટ્રીશ્યન / ઈલેક્ટ્રોનિક્સ મિકેનિક / ફિટર / હીટ એન્જિન / ઈન્સ્ટ્રૂમેન્ટ મિકેનિક / મશિનિસ્ટ / મેકેનિક ડીઝલ / મેકેનિક મોટર વ્હીકલ/મિલરાઈટ મેઈન્ટેનન્સ મિકેનિક/મિકેનિક રેડિયો અને ટીવી / રેફ્રિજરેશન અને એર-કન્ડીશન / ટ્રેક્ટર મિકેનિક / ટ્યુરનર / વાયરમેન તરીકે એપ્રેન્ટિસશીપ કરો. **અથવા**

મિકેનિકલ/ઈલેક્ટ્રિકલ/ઈલેક્ટ્રોનિક્સ/ઓટોમોબાઈલ એન્જિનિયરીંગમાં ડિપ્લોમા કરો. **અથવા**

મિકેનિકલ/ઈલેક્ટ્રિકલ/ઈલેક્ટ્રોનિક્સ/ઓટોમોબાઈલ એન્જિનિયરીંગમાં સ્નાતકનો અભ્યાસ કરો. **અથવા**

સ્નાતક પૂર્ણ કર્યા બાદ, સમાન અથવા સંલગ્ન વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

૩. RRB-APL પરીક્ષામાં લાયકાત પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

લોકો પાઈલટનું માસિક વેતન **રૂ.** ૪૦,૦૦૦ થી ૭૮,૨૦૦* જેટલું હોય છે.

સ્ત્રોત:https://railwayrecruitmentgov.in/rrb-alp-salary/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ભારતીય રેલ્વે

**કાર્યસ્થળનું વાતાવરણ :** આ એક ફિલ્ડ જોબ છે. તમારે ટીમને સંભાળવાની રહેશે નહીં. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો એક ભાગ છે. આ નોકરી બદલીપાત્ર હોય છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

આસિસ્ટન્ટ લોકો પાઈલટ → લોકો પાઈલટ → સિનિયર લોકો પાઈલટ → લોકો ફોરમેન → સ્ટેશન હેડ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

- નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ અથવા સ્ટેટ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ દ્વારા માન્યતા પ્રાપ્ત કોઈપણ ઔદ્યોગિક તાલીમ સંસ્થા.
- કોઈપણ માન્ય કોલેજો, જે મિકેનિકલ / ઈલેક્ટ્રિકલ / ઈલેક્ટ્રોનિક્સ / ઓટોમોબાઈલ એન્જિનિયરીંગમાં ડિગ્રી અને ડિપ્લોમા ઉપલબ્ધ કરાવે છે

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

### ઓનલાઈન અભ્યાસક્રમો

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in
- www.skillindiadigital.gov.in

## સાફલ્ય ગાથા

**કેરળની મીનુ મુબારકા સી.**, દક્ષિણ પશ્ચિમ રેલવે ઝોનમાં આસિસ્ટન્ટ લોકો પાઈલટ છે. તેણીએ ઈલેક્ટ્રિકલ અને કમ્યુનિકેશન એન્જિનિયરીંગમાં એમ.ટેક.ની ડિગ્રી મેળવી, રેલવે ભરતી બોર્ડની આસિસ્ટન્ટ લોકો પાઈલટ પરીક્ષા પાસ કરી.*

સ્રોત:http://bit.ly/3Hgqckv

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

આર.આર.બી.-એ.પી.એલ., લોકો પાઈલટ,
આસિસ્ટન્ટ લોકો પાઈલટ